# અગ્રતા ક્રમ : ૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૮

## તા.૦૫/૦૨/૨૦૨૪

## કાયદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી મહેશભાઈ ભુરીયા, ઝાલોદ**

**પ્રશ્ન : ઝાલોદ તાલુકાના એડિશનલ ચીફ કોર્ટનું અદ્યતન બાંધકામ.**

# મુખ્ય પ્રશ્ન

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની એડીશનલ ચીફ કોર્ટના નવીન ભવનના અદ્યતન બાંધકામ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | હા,જી. |
| ૨ | જો હા, તો અદ્યતન નવીન ભવનનું બાંધકામ કયા તબક્કે છે? | સદર કામગીરી હાલમાં ડી.ટી.પી(ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ) લેવલે છે. જે મંજુર થયેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

# પુરક નોંધ

<table>
<tr><td>૧.</td><td>ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટની શરૂઆત ક્યારે થઈ હતી.</td></tr>
<tr><td>જવાબ</td><td>ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટની શરૂઆત તા.૧૮/૧૧/૨૦૧૭ થી થયેલ છે.</td></tr>
<tr><td>૨.</td><td>ઝાલોદ તાલુકા કોર્ટમાં તા.૨૯/૦૧/૨૦૨૪ની સ્થિતિએ પેન્ડીંગ કેસોની સંખ્યાની વિગત</td></tr>
<tr><td>જવાબ</td><td>
<table>
<tr><td>ક્રમ નં.</td><td>કેસોના પ્રકાર</td><td>કેસોની સંખ્યા</td></tr>
<tr><td>૧</td><td>સિવિલ કેસો</td><td>૫૩૦</td></tr>
<tr><td>૨</td><td>ક્રિમિનલ કેસો</td><td>૨૪૬૬</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૨૯૯૬</td></tr>
</table>
</td></tr>
<tr><td>૩.</td><td>હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલીકીનું છે. અથવા સરકારી છે કે ભાડે તેની વિગત.</td></tr>
<tr><td>જવાબ</td><td>હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલિકીનું છે.</td></tr>
<tr><td>૪.</td><td>નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ કેટલા કામોને વહીવટી મજુંરી આપવામાં આવેલ તેની માહિતી.</td></tr>
<tr><td>જવાબ</td><td>નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૧૨૧ કામોને વહીવટી મજુંરી આપવામાં આવેલ છે.</td></tr>
</table>

| | |
|---|---|
| **૫.** | **તારીખ ૩૧/૧૨/૨૦૨૩ સ્થિતીએ કુલ કેટલા કોર્ટ બિલ્ડીગ છે.** |
| જવાબ | તારીખ ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ ૩૩૭ કોર્ટ કોમ્પલેક્ષ છે.<br>જેમાં પોતાના હસ્તકના કોર્ટ બિલ્ડીંગ: ૨૭૦<br>સરકારી બિલ્ડીગ : ૫૪<br>ભાડાની જગ્યાએ : ૧૩ |

## ઝાલોદ તાલુકાના એડીશનલ ચીફ કોર્ટનું અદ્યતન બાંધકામ

- ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટના બાંધકામને વર્ષ ૨૦૨૨–૨૩ના વર્ષમાં નવા કામ તરીકે સૈદ્ધાંતિક મંજુરી મળેલ હતી.
- નામદાર હાઈકોર્ટ તરફથી સદર કામની દરખાસ્ત મળતા વિભાગે નાણા વિભાગ સમક્ષ સદર કામની દરખાસ્ત રજુ કરતા તા.૧૫/૦૯/૨૦૨૨ના રોજ ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટના અદ્યતન બાંધકામના કામને વહીવટી મંજુરી મળેલ છે.

હાલમાં આ કામને માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. હાલ આ કામગીરી (ડી.ટી.પી) ડ્રાફ્ટ ટેંડર પેપર્સ તૈયાર કરવાના લેવલે છે. ડી.ટી.પી મળ્યા પછી ટેન્ડર અને તેને આનુષંગિક કામગીરી કરવાની રહેશે.

❖**<u>વર્ષ ૨૦૨૨-૨૩ માટે ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરેલ બજેટ જોગવાઈની વિગત</u>**

ગત વર્ષ **૨૦૨૨-૨૩** માટે સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યના ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ચાલુ કામો માટે **રૂ. ૨૧૫.૬૧ કરોડ** અને નવા કામો માટે **રૂ.૧૪૦.૦૦ કરોડ** એમ કૂલ મળી **રૂ.૩૫૫.૬૧ કરોડ** રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવેલ.

❖**<u>વર્ષ ૨૦૨૨-૨૩ માટે ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આપેલ વહિવટી મંજૂરીની વિગત</u>**

- **વર્ષ : ૨૦૨૨-૨૩** માં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ તથા ન્યાયતંત્રને આધુનિક રીતે સુસજ્જ કરવા માટે કોર્ટ બિલ્ડિંગના ૩૧ કામો માટે **રૂ. ૬૪૬.૧૪ કરોડ**ના અંદાજોને,
- ન્યાયાધીશોના રહેણાંકના ક્વાર્ટર્સ માટેના તથા ન્યાયતંત્રના સ્ટાફના રહેણાંકના ક્વાર્ટર્સ માટેના ૪૦ કામો માટે **રૂ. ૮૪.૦૮ કરોડ**ના અંદાજોને,
- ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતેના ૦૬ કામો માટે **રૂ. ૨૯.૪૫ કરોડ**ના અંદાજો તથા
- વર્ષ ૨૦૨૨-૨૩ સુધારા-વધારાના ૪૨ કામો માટે રૂ. ૧૨.૯૯ કરોડના અંદાજોને એમ આશરે કુલ **રૂ. ૭૭૨.૬૬ કરોડ**ની વહીવટી મંજૂરી આપેલ છે.

❖ **<u>વર્ષ ૨૦૨૩-૨૪ માટે ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરેલ બજેટ જોગવાઈની વિગત</u>**

ગત વર્ષ **૨૦૨૩-૨૪** માટે સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યના ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ચાલુ કામો માટે **રૂ. ૨૪૨.૪૮ કરોડ** અને નવા કામો માટે **રૂ.૧૪૭.૧૫ કરોડ** એમ કૂલ મળી **રૂ.૩૮૯.૬૩ કરોડ** રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવેલ.

❖ **<u>વર્ષ ૨૦૨૩-૨૪ માટે ન્યાયતંત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આપેલ વહિવટી મંજૂરીની વિગત</u>**

- **વર્ષ : ૨૦૨૩-૨૪** માં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ તથા ન્યાયતંત્રને આધુનિક રીતે સુસજ્જ કરવા માટે કોર્ટ બિલ્ડિંગના ૦૯ કામો માટે **રૂ. ૩૮૪.૪૨ કરોડ**ના અંદાજોને,
- ન્યાયાધીશોના રહેણાંકના ક્વાર્ટર્સ માટેના તથા ન્યાયતંત્રના સ્ટાફના રહેણાંકના ક્વાર્ટર્સ માટેના ૪૪ કામો માટે **રૂ. ૩૪૪.૬૩ કરોડ**ના અંદાજોને,
- ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતેના ૦૫ કામો માટે **રૂ. ૫.૦૧ કરોડ**ના અંદાજો તથા
- વર્ષ ૨૦૨૩-૨૪ સુધારા-વધારાના ૬૩ કામો માટે રૂ. ૪૦.૭૨ કરોડના અંદાજોને એમ આશરે કુલ રૂ. ૭૭૪.૭૮ કરોડની વહીવટી મંજૂરી આપેલ છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૦૪/૧૫૮
(ઝાલોદ તાલુકાના એડીશનલ ચીફ કોર્ટનું અધ્યતન બાંધકામ બાબત)
ગુજરાત રાજ્યમાં કાર્યરત કોર્ટસ અને ન્યાયતંત્ર માટે ઈન્ફ્રાસ્ટ્રકચર

ઝાલોદ ખાતે તાલુકા કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે?
– નવીન કોર્ટ બીલ્ડીંગમાં સને ૧૯૮૭ થી કાર્યરત થયેલ છે.

હાલ ઝાલોદ ખાતે તાલુકા કોર્ટમાં કેટલા ન્યાયમુર્તિ છે અને તે કઈ કઈ કેડરના છે?
– ૦૧ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જ્યુડી. મેજી., ઝાલોદ
– ૦૧ એડીશનલ સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક., ઝાલોદ

ઝાલોદ તાલુકા કોર્ટમાં તા.૨૯/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ પેન્ડીંગ કેસોની સંખ્યાની વિગત

| ક્રમ નં. | કેસોના પ્રકાર | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સિવિલ કેસો | ૫૩૦ |
| ૨ | ક્રિમિનલ કેસો | ૨૪૬૬ |
| કુલ | | ૨૯૯૬ |

હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલીકીનું છે? અથવા સરકારી છે કે ભાડે તેની વિગત.
– પોતાની માલીકીનું છે.

હાલમાં ઝાલોદ તાલુકા કોર્ટ બિલ્ડીંગમાં કેટલા રૂમ છે તેમજ બાંધકામ અને જમીન સંબંધી માહિતી.
– ટોટલ રૂમ–૦૭, ટોટલ કોર્ટ રૂમ–૦૨, કન્સ્ટ્રક્શન વર્ષ – ૧૯૮૫–૮૬, વિસ્તાર – ૨૩X૨૩ ચો.મીટર.

ઝાલોદ તાલુકા કોર્ટનું બાંધકામ ચાલુ થયુ છે? અને કયાર સુધી બાંધકામ પુરૂ થશે તેની માહિતી.
– હજુ શરૂ થયેલ નથી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડીટીપીના લેવલે છે.

ઝાલોદ તાલુકામાં કોર્ટની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી?
– ૧૯૭૪

ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટની શરૂઆત કયારે થઈ હતી?
– ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટ તા.૧૮/૧૧/૨૦૧૭ થી કાર્યરત થયેલ છે.

તા.૩૦/૦૧/૨૦૨૪

( પ્રેરણા સી. ચૌહાણ )
ઈન્ચા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
દાહોદ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૫૮

## તા.૦૫/૦૨/૨૦૨૪

**કાયદા વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી મહેશભાઇ ભુરીયા, ઝાલોદ**

**પ્રશ્ન : ઝાલોદ તાલુકાના એડિશનલ ચીફ કોર્ટનું અદ્યતન બાંધકામ.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ઝાલોદ ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે? | શ્રી મહેશભાઇ ભુરીયા, ઝાલોદ |
| ૨ | ઝાલોદ ખાતે તાલુકા કોર્ટની અને એડીશનલ ચીફ કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે તથા હાલ ઝાલોદ ખાતે તાલુકા કોર્ટમાં કેટલા ન્યાયાધીશ છે તથા તેમની ન્યાયિક સત્તા વિશે જણાવશો. | શ્રી રમેશભાઇ કટારા, ફતેપુરા |
| ૩ | ઝાલોદ ખાતે નવી કોર્ટ બનાવવાથી થનાર ફાયદા શું છે? | શ્રીકનૈયાલાલ કિશોરી, દાહોદ |

**અગ્રતાક્રમ :- ૦૪**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૧૫૮**

**કાયદા વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી મહેશભાઈ ભુરીયા, ઝાલોદ)**

➢ ઝાલોદ ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે?

**જવાબ:**

➢ ઝાલોદ ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં ...

| નિર્માણાધીન કોર્ટની વિગતો | હાલની કોર્ટની વિગતો |
|---|---|
| • દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની એડીશનલ ચીફ કોર્ટના બાંધકામ માટે કુલ રૂ. ૬.૪૮ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.<br>• કોર્ટ નિમાર્ણ અર્થે ૧૦,૦૦૦ ચો.મી નવી જમીન ફાળવવામાં આવેલ છે. | • હાલમાં ઝાલોદ તાલુકા કોર્ટ બિલ્ડીંગમાં કૂલ ૦૭ રૂમો છે. અને ૦૨ કોર્ટ રૂમ છે.<br>• તેમજ સદર કોર્ટનું બાંધકામ ૮૯૮.૮૦ ચો.મી. માં વર્ષ ૧૯૮૫-૮૬ માં કરવામાં આવેલ છે અને હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલિકીનું છે. |

| | |
|---|---|
| • આ નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગનો બિલ્ટઅપ એરિયા ૩૩૧૧ ચો.મી. છે અને આ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ + ૨ માળનું કરવામાં આવનાર છે. **અંદાજે હાલના બાંધકામ કરતાં આશરે ૩૭૫ ટકા વધારાનું બાંધકામ મજુંર કરેલ છે.**<br>• આ કોર્ટ બિલ્ડીંગમાં ૪ કોર્ટ રૂમ, કેન્ટીન, લાઈબ્રેરી, લેડીઝ બાર, જેન્ટસ બાર, વેઈટીંગ હોલ, વિડીઓ કોન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, ટોઈલેટ, લીફ્ટ વિગેરે જેવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે. | • આ બિલ્ડીંગમા સને ૧૯૮૭ થી ન્યાયિક પ્રકિયા કાર્યરત છે. |

- ➢ હાલમાં ઝાલોદ તાલુકા કોર્ટ ડી.ટી.પી.(ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ) લેવલે છે. જે મંજુર થયેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.
- ➢ દાહોદ જિલ્લામાં ઝાલોદ ખાતે આવેલ હયાત કોર્ટ બિલ્ડીંગનું મકાન ઘણું જૂનું હોઈ નવીન કોર્ટ બિલ્ડીંગ બનાવવાની જરૂરીયાત જણાતી હતી,

- આથી ગુજરાત સરકાર દ્વારા તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ રૂ.૬.૪૮ કરોડની વહીવટી મંજુરી પ્રદાન કરવામાં આવેલ હતી.
- તેમજ મોજે.ઝાલોદ, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે રે.સ.નં.૧૮૦ વાળી ૧૦૦૦૦ ચો.મી. જગ્યાની ફાળવણી કરવામાં આવેલ હતી.
- ત્યાર બાદ માર્ગ અને મકાન વિભાગની કચેરીએથી સદર કામ માટે માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આર્કીટિક વિભાગ પાસેથી જી+૨ ટાઈપના ટાઈપ ડીઝાઈનના નકશા મેળવી તા.૦૪.૦૧.૨૦૨૪ ના રોજ રૂ.૬૪૮.૭૦ લાખની તાંત્રિક મંજુરી મેળવવામાં આવેલ છે.
- જેના ડી.ટી.પી. (ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ) બનાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, તેમજ તેની મંજુરી મળ્યા બાદ ટેન્ડરની કાર્યવાહી હાથ ધરી એજન્સી નક્કી થયા બાદ બાંધકામની કામગીરી શરુ કરી શકાશે.
- હાલમાં ડી.ટી.પી. (ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ) લેવલે છે. જે મંજુર થયેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

**પેટા પ્રશ્ન ૨ (શ્રી રમેશભાઈ કટારા, ફતેપુરા)**

- ઝાલોદ ખાતે તાલુકા કોર્ટની અને એડીશનલ ચીફ કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે તથા હાલ ઝાલોદ ખાતે તાલુકા કોર્ટમાં કેટલા ન્યાયાધીશ છે તથા તેમની ન્યાયિક સત્તા વિશે જણાવશો.

**જવાબ:**

- ઝાલોદ ખાતે સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની તાલુકા કોર્ટની સ્થાપના વર્ષ ૧૯૭૪ માં થયેલ છે.
- ઝાલોદ તાલુકામાં એડીશનલ ચીફ કોર્ટની શરૂઆત તા.૧૮/૧૧/૨૦૧૭ થી થયેલ છે.
- હાલ ઝાલોદ ખાતે તાલુકા કોર્ટમાં બે ન્યાયાધીશ છે,
- ૦૧ પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ અને
- ૦૧ એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કાર્યરત છે.

| ક્રમ | કોર્ટનું નામ અને હોદ્દો | કોર્ટ ની સતા |
|---|---|---|
| ૧ | સીનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, | સાત વર્ષ સુધીની સજા અને અમર્યાદિત દંડ |
| ૨ | | કોઈ પણ રકમ ના દાવા ચલાવાની સત્તા |
| ૩ | સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ | ત્રણ વર્ષ સુધીની જેલ અને ૧૦૦૦૦ રૂપિયાનો દંડ |
| ૪ | | રૂા.૨૫,૦૦,૦૦૦/- સુધીના દાવા ચલાવાની સત્તા |

**પેટા પ્રશ્ન ૩ (શ્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ)**

➢ ઝાલોદ ખાતે નવી કોર્ટ બનાવવાથી થનાર ફાયદા શું છે?

**જવાબ:**

❖ **રાજયમાં નવી કોર્ટ બિલ્ડીંગ્સ બનાવવાની જરૂરિયાત**

➢ રાજયમાં અગાઉની જૂની કોર્ટ બિલ્ડીંગોમાં ન્યાયાધીશશ્રીઓ તથા ન્યાયિક સ્ટાફ તથા વકીલશ્રીઓને કામ કરવા માટેનું વધુ સારુ અને યોગ્ય વાતાવરણ મળશે.

➢ જૂની કોર્ટ બિલ્ડીંગોમાં યોગ્ય પ્રમાણમાં રૂમની સંખ્યા નહીં હોવાના કારણે ડીજીટાઇઝેશન કરવામાં ઘણી અગવડતા હતી.

➢ ન્યાયાધીશશ્રીઓ, વહીવટી સ્ટાફ, પક્ષકારો, સાક્ષીઓ, અન્ડર ટ્રાયલ કેદીઓની યોગ્ય સુરક્ષા પુરી પડી રહે અને કોર્ટના રેકર્ડની યોગ્ય સાચવણી થઇ શકે તે માટે નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ છે.

❖ **નવી કોર્ટ બિલ્ડીંગથી પ્રજાને થનાર ફાયદા**

➢ કેસના ભારણને ધ્યાને રાખીને નામ .વડી અદાલત દ્વારા વધુ જજોની પણ નિમણુંક કરી શકાશે.

➢ સિટિઝન ફ્રેન્ડલી કોર્ટ બિલ્ડીંગ મળી રહેશે.

➢ પક્ષકારો તથા સાક્ષીઓ તથા અન્ડર ટ્રાયલ પ્રીઝનર્સને જરૂરી બેઠક વ્યવસ્થા તથા સુરક્ષા મળી રહેશે.

- ન્યાયાધીશશ્રીઓ, પક્ષકારો તથા વકીલશ્રીઓને સુવિધાપૂર્ણ સાનુકુળ વાતાવરણમાં કામગીરી કરવા મળશે અને તેના કારણે કેસોનો ઝડપથી ન્યાયિક નિકાલ થઇ શક્શે.
- નવી કોર્ટ બિલ્ડીંગમાં જરૂરી માળખાગત સુવિધાઓ હોવાના કારણે ડીઝીટાઇઝેશન કરવાની પ્રક્રિયામાં સરળતા થશે.
- મહિલા વકીલ બહેનો માટે લેડીસ બાર રૂમ વ્યવસ્થા કરેલ છે.